નૂતન વર્ષાભિનંદન !

卐 ॐ

નૂતન વર્ષ - ૨૦૭૬



## નૂતન વર્ષ ૨૦૭૬ના આરંભે
## સંતભગવંત સાહેબજીના આશીર્વાદ



॥ સ્વામી શ્રીજી ॥

સૌ વ્હાલા અક્ષર મુક્તો.....
નૂતન વર્ષાભિનંદન સાથે
નવાપર્વના પ્રારંભે અમો સૌ સૌને,
ભક્તોના હૃદયના ભાવથી
જયશ્રી સ્વામિનારાયણ !

સંવત-૨૦૭૫ના જઈ રહેલા આ વર્ષમાં દેશ-પરદેશના આપણા વ્હાલા ભક્તોએ તન-મન-ધનથી અહોભાવે મંદિર નિર્માણના કાર્યમાં જે સેવાઓ કરી છે તે જોઈ-જાણી સૌ સંતો-કાર્યકર્તાઓના રાજીપાની પ્રાર્થનાઓ દ્વારા સૌ ભક્તો પર પ્રભુની અદ્ભુત પ્રસન્નતા વરસી રહી છે... જેનાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી.

હૃદય અમારું અર્પણ ભાવને,
મંદિર રૂડું બનાવોને!

આ પ્રાર્થના સૌ ભક્તોમાં સાકાર થશે. પ્રભુની અંતરની પ્રસન્નતાથી જ આપણા દશ ઈન્દ્રિયો-ચાર અંતઃકરણના ભાવો પ્રભુરૂપ બનતાં હૃદય મંદિર બની રહે છે... ૭, ૮, ૯ અને ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ના દિવસોમાં આપણા મંદિરની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા સાથે આપણા સૌના હૃદય મંદિરમાં પણ પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા થતાં જીવન ધન્ય બની રહેશે.

તો, હજુપણ મહોત્સવની તૈયારીઓમાં આ ત્રણ મહિનામાં તન-મન-ધન અને આત્માથી વિશેષ સેવાઓ કરી લેવાનું બળ મળે અને મહોત્સવની ઉજવણીમાં અનેરો આનંદ મળે તે માટે ગુરુચરણે-પ્રભુચરણે નવાવર્ષના પ્રારંભની સૌ વતી પ્રાર્થનાઓ છે. રાજી રહેશો.

આપના જ સુહૃદયી અમો અશ્વિનભાઈ, શાંતિભાઈ સૌ સંતો-ભક્તો સાથે.

જશભાઈના ભાવથી જયશ્રી સ્વામિનારાયણ!

નૂતન વર્ષાભિનંદન!

૮મી ઓક્ટોબર ૨૦૧૯,
વિજયાદશમી-દશેરા-૨૦૭૫